# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### અમદાવાદના પૂર્વ કોર્પોરેટરે મૃતક ખેડૂતના વારસદાર તરીકે ખોટું પેઢીનામું બનાવતા કાર્યવાહી

# કપડવંજના પુનાદરા ગામમાં બોગસ ખેડૂત બની જમીનો હડપવાનું કૌભાંડ

**બોગસ દસ્તાવેજથી** ખેતીની કિંમતી જમીનો ખરીદી હોવાનો આક્ષેપ



(પ્રતિનિધિ) નડિયાદ તા.8

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના પુનાદરા ગામે વર્ષો જૂનું મસમોટું જમીન કૌભાંડ સપાટી પર આવ્યું છે. જેમાં અમદાવાદના શાહેઆલમ વિસ્તારમાં રહેતા પૂર્વ કોર્પોરેટર તસ્લીમઆલમ તીરમીઝીએ મૃતક ખેડૂતના ખોટા વારસદાર બની, બોગસ દસ્તાવેજોના આધારે ખેડૂતનો દરજ્જો મેળવી ખેતીની કિંમતી જમીનો હડપી હોવાના આક્ષેપ સાથે આતરસુંબા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

આ ઘટનાની વિગત મુજબ, તસ્લીમઆલમ તીરમીઝીએ વર્ષ 2000માં કપડવંજ તાલુકાના પુનાદરા ગામના મૃતક ખેડૂત અકબરખાન ઈમામખાન પઠાણના વારસદાર તરીકે પોતાનું નામ દાખલ કરાવ્યું હતું. જેની તપાસમાં બહાર આવ્યું છે કે, તસ્લીમઆલમે તલાટી પાસે બોગસ દસ્તાવેજો અને ખોટું પેઢીનામું તૈયાર કરાવી વારસાઈ ફેરફાર નોંધ પડાવી લીધી હતી. આ પેઢીનામામાં બાબાસાહેબના મૃત્યુની તારીખ કે પત્નીની વિગતોનો ઉલ્લેખ ન હોવાથી કલેક્ટર તંત્રને શંકા ગઈ હતી. આ અંગે સ્થાનિક પંચોની રૂબરૂ તપાસમાં સત્ય બહાર આવ્યું કે તસ્લીમઆલમ કે તેમના પિતાને મૂળ ખેડૂત સાથે કોઈ લેવાદેવા નથી.

આમ, ખોટી રીતે ખેડૂતનો દરજ્જો પ્રાપ્ત કર્યા બાદ, તસ્લીમઆલમ આ હેસિયતનો ઉપયોગ કરીને લાલમાંડવા, ચાનોર અને માતર ગામમાં ખેતીની કિંમતી જમીનો ખરીદીને મોટો આર્થિક લાભ મેળવ્યો હતો. આ અંગે કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી જમીન તકેદારી સમિતીએ આ પ્રકરણને ગંભીરતાથી લઈ સ્યુઓમોટો હેઠળ કાર્યવાહીનો આદેશ આપ્યો હતો. જેના પગલે પુનાદરાના તલાટીએ આતરસુંબા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજોના ગુના હેઠળ તપાસ શરૂ કરી છે.

**પંચોની રૂબરૂ તપાસમાં કૌભાંડ પકડાયું**

પુનાદરા ગામમાં જ્યારે સર્કલ ઓફિસર રાકેશભાઈ દેસાઈએ સ્થાનિક પંચોની રૂબરૂમાં વારસોની ખરાઇ અંગે પંચનામું કર્યું ત્યારે જાણવા મળ્યું કે તસ્લીમઆલમ બાબાસાહેબ નામના કોઈ વ્યક્તિ આ ગામમાં રહેતા જ નથી. ગામલોકોએ સ્પષ્ટ કર્યું હતું કે પેઢીનામામાં દર્શાવેલ બાબાસાહેબ મૂળ ખેડૂતના વારસ નથી, આમ પૂર્વ આયોજિત કાવતરાનો પર્દાફાશ થયો હતો.

**ખેડૂત પોથીથી અન્યત્ર જમીનો ખરીદી**

તસ્લીમઆલમ દ્વારા બોગસ રીતે મેળવેલી ખેડૂત પોથીનો ઉપયોગ કરીને માતર તાલુકાના ચાનોર ખાતે રીસર્વે નંબર 214 અને માતરમાં સર્વે નંબર 1279/2 વાળી જમીન નોંધ નંબર 1199 અને 16986 થી ખરીદી હતી. આરોપી પોતે ખેડૂત ન હોવા છતાં આર્થિક ફાયદો લેવા આ જમીનો હડપી હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

### એસપી યુનિવર્સિટીની બેઠકમાં વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લીધો

# નર્સિંગમાં નાપાસ વિદ્યાર્થી માટે રેમેડિયલ ક્લાસીસ લેવા નિર્ણય

**પરીક્ષા પદ્ધતિ** સમજવા ઓરિએન્ટેશન કાર્યક્રમો પણ યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.8

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગ કોલેજોના બીએસસી નર્સિંગ સેમેસ્ટર-4ના પરિણામો બાદ ઉદભવેલી પરિસ્થિતિને ધ્યાને રાખીને યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. ગત છઠ્ઠી એપ્રિલના રોજ કુલપતિની અધ્યક્ષતામાં તમામ નર્સિંગ કોલેજોના આચાર્યો સાથે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરને સુધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, સેમેસ્ટર-4માં ઉત્તીર્ણ ન થઈ શકેલા વિદ્યાર્થીઓ માટે તમામ સંલગ્ન કોલેજોમાં રેમેડિયલ ક્લાસીસ (વધારાના વર્ગો) ગોઠવવામાં આવશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવા અને તેઓ પરીક્ષા પદ્ધતિને વધુ સારી રીતે સમજી શકે તે હેતુથી ખાસ ઓરિએન્ટેશન કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે.

યુનિવર્સિટીના કુલપતિએ આચાર્યોને સ્પષ્ટ સૂચના આપી છે કે વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે કોઈ પણ સંજોગોમાં બાંધછોડ કરવામાં આવશે નહીં. યુનિવર્સિટી વહીવટી તંત્ર વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય આપવા અને તેમના શૈક્ષણિક હિતોનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ હોવાનું રજિસ્ટ્રાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

**દસ વિદ્યાર્થી ગેરરીતિ કરતા ઝડપાયા**

સરદાર પટેલ યુનિવર્સિટીના સત્તાવાર ડેટા મુજબ, બીજી એપ્રિલના રોજ બીસીએ અને એમકોમના 2-2મળીને કુલ 4 કેસ નોંધાયા હતા. બાદ ચોથી એપ્રિલના રોજ એમલીબ અને એમએ (ઇંગ્લીશ) માં 1-1 મળીને 2 કેસ, જ્યારે છઠ્ઠી એપ્રિલના રોજ બીએસસી, એમએસડબલ્યુમાં મળીને વધુ 4 કેસ નોંધાયા છે. આ ગેરરીતિમાં ઝડપાયેલા કુલ 10 કેસોમાં 7 વિદ્યાર્થીઓ અને 3 વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. પરીક્ષામાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે યુનિવર્સિટી તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ કડક ચેકિંગ ચાલુ રાખવામાં આવશે.

# આણંદ નજીક વાહનની ટક્કરે યુવકનું કરુણ મોત

**ચાર માસૂમ સંતાનોએ** પિતાની છત્રછાયા ગુમાવી

(પ્રતિનિધિ) આણંદ તા.8

બોરસદથી આણંદ જવાના માર્ગ પર આવેલી અંધારીયા ચોકડી પાસે મંગળવારે રાત્રે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. પોતાની ફરજ નિભાવી રહેલા એક આશાસ્પદ યુવકને બેફામ ગતિએ આવતા અજાણ્યા વાહને પાછળથી ટક્કર મારતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જેના કારણે એક હસતો-ખેલતો પરિવાર પાયમાલ થઈ ગયો છે. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર, જીએસ કંપનીમાં ટોઈંગવાનના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા 35 વર્ષીય સંજયકુમાર જશભાઈ સોઢા એક બ્રેકડાઉન થયેલી ગાડીને ટ્રકમાં ચઢાવ્યા બાદ તેના ફોટા પાડી રહ્યા હતા. આ દરમિયાન અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક 108 મારફતે આણંદ જનરલ હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ કમનસીબે ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક સંજયભાઈ પોતાના પરિવારના એકમાત્ર કમાનાર સભ્ય હતા. તેમના અવસાનથી 4 નાના સંતાનોએ પિતાનો સાથ ગુમાવ્યો છે અને પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ મામલે મૃતકના પિતા જશભાઈ સોઢાએ આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### આણંદમાં ફુડ સેફટી વિભાગના મોબાઈલ લેબ દ્વારા દૂધ મંડળીઓમાં સ્થળ પર જ પરીક્ષણ

# આણંદમાં હોટલ-રેસ્ટોરન્ટ્સમાં સઘન ચેકિંગ, 43 નમૂના લેવાયા

**તારાપુરમાં બળેલું તેલ** અને અખાદ્ય ચટણીનો નાશ કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદ જિલ્લામાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં રોકવા અને તેમને શુદ્ધ આહાર મળી રહે તે સુનિશ્ચિત કરવાના હેતુથી આણંદ જિલ્લા ફુડ સેફટી વિભાગ દ્વારા છેલ્લા બે અઠવાડિયાથી સમગ્ર જિલ્લામાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશ અંતર્ગત વિવિધ ખાણી-પીણીના એકમો અને રેસ્ટોરન્ટ્સમાં સઘન તપાસ હાથ ધરી ખાદ્ય પદાર્થોના કુલ 43 જેટલા નમૂનાઓ લેવામાં આવ્યા છે.



આ તપાસ દરમિયાન તારાપુર ચોકડી, વિદ્યાનગર અને મોટા બજાર જેવા વિસ્તારોમાં ખાણી-પીણીની લારીઓ પર તપાસ કરવામાં આવી હતી. જેમાં બિનઆરોગ્યપ્રદ જણાયેલ અંદાજે અઢી લિટર વપરાયેલું (બળેલું) તેલ અને ત્રણ લિટર ચટણીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા હોટલ અને રેસ્ટોરન્ટના માલિકોને સાફ-સફાઈ જાળવવા તેમજ રસોડામાં કામ કરતા સ્ટાફ માટે એપ્રોન, કેપ અને ગ્લવઝ ફરજિયાત પહેરવા કડક સૂચનાઓ આપી છે.

આણંદ જિલ્લામાં 'ફુડ સેફટી ઓન વ્હીલ્સ' (મોબાઈલ લેબ) દ્વારા 5 જેટલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં મિલ્કોસ્કેન મશીન વડે દૂધની ગુણવત્તાનું સ્થળ પર જ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તંત્ર દ્વારા લેવામાં આવેલા તમામ 43 નમૂનાઓને પૃથ્થકરણ માટે સરકાર માન્ય લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. લેબોરેટરીના રિપોર્ટ આવ્યા બાદ નિયમ મુજબ જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ખંભાતમાં વ્યાજખોર પાંચ તોલા સોનું હડપ કરી ગયો

**પત્નીની સારવાર માટે** સોનું ગીરો મૂકનાર ખેડૂતને દાગીના ન મળ્યાં

(પ્રતિનિધિ) ખંભાત તા.8

ખંભાતના ચોક્સી બજારમાં પત્નીની સારવાર માટે સોનું ગીરો મૂકનાર એક લાચાર ખેડૂત સાથે છેતરપિંડી થયા હોવાનો બનાવ બન્યો છે. વ્યાજ પેટે મૂડી કરતા વધુ રકમ ચૂકવી દીધી હોવા છતાં, સોનીએ દાગીના પરત આપવાને બદલે ગ્રાહકને ધક્કા મારી હાંકી કાઢતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

ખંભાત તાલુકાના તરકપુર ગામે રહેતા કિશનભાઈ ત્રિકમભાઈ ગોહેલે વર્ષ 2018માં પત્નીની સારવારના ખર્ચ માટે પોતાના પાંચ તોલા સોનાના દાગીના ખંભાત ચોક્સી બજારમાં રામચંદ્ર જગમોહનદાસ ચોક્સીને ત્યાં બે ટકા વ્યાજે ગીરો મૂક્યા હતા. આ દાગીના સામે તેમણે 65 હજારનું ધિરાણ મેળવ્યું હતું. જેની સામે તેમણે અત્યાર સુધીમાં વ્યાજ પેટે કુલ 86 હજાર ભરી દીધા હતા.

જોકે, ચૂકવણી પૂર્ણ કર્યા બાદ જ્યારે તેઓ પોતાના દાગીના પરત લેવા ગયા, ત્યારે ચોક્સીએ દાનત બગાડી હતી. સોનીએ 'તમે કોઈ વસ્તુ આપી નથી' તેમ કહીને કિશનભાઈ સાથે ઉદ્ધત વર્તન કર્યું હતું અને તેમને અપમાનિત કરી દુકાનમાંથી કાઢી મૂક્યા હતા. આ છેતરપિંડી અંગે કિશનભાઈ ગોહેલે રામચંદ્ર ચોક્સી સામે ખંભાત સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે તપાસ તેજ કરી છે.

# ખેડામાં ટેન્કરોમાંથી ઈંધણ ચોરીમાં એક પકડાયો, 3 ફરાર

**પીંગળજની સીમમાં** ટેન્કરના સીલ તોડી ચાલતી ચોરી પર પોલીસનો છાપો



(પ્રતિનિધિ) ખેડા તા.8

ખેડા જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા માટે સક્રિય થયેલી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમને મોટી સફળતા મળી છે. ખેડા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં આવતા પીંગળજ ગામની સીમમાં પેટ્રોલ અને ડીઝલના ટેન્કરોમાંથી ગેરકાયદેસર રીતે ઈંધણની ચોરી કરતી ગેંગના એક સાગરીતને પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે.

ખેડા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે પીંગળજની સીમમાં 'ઘર કા ઢાબા' હોટલ અને બીપીસીએલ પ્લાન્ટ વચ્ચે આવેલા પાર્કિંગ એરિયામાં કેટલાક ઈસમો ટેન્કરના સીલ ખોલી પ્લાસ્ટિકની નળીઓ વડે પેટ્રોલ-ડીઝલની ચોરી કરી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા ઘટનાસ્થળેથી સંદિપસીંહ હરીકુંવરસીંહ રાજપુત (ઉ.વ. 26, રહે. અસલાલી, અમદાવાદ) ઝડપાઈ ગયો હતો, જ્યારે અન્ય ત્રણ શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. આ પોલીસ રેઈડ દરમિયાન 75 લિટર પેટ્રોલ, 85 લિટર ડીઝલ તથા ચોરી કરવા માટે વપરાતી પ્લાસ્ટિકની પાઈપ, લોખંડની ટોમી અને ખાલી કેરબા સહિત કુલ રૂા. 20,275/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે હાલ ફરાર થયેલા ત્રણ અજાણ્યા ઈસમોને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

ખેડા જિલ્લામાં આ અગાઉ પણ ભારે વાહનોમાંથી ડિઝલ ચોરી કરતી ગેંગ પકડાઈ છે અને ફરીથી ગેંગ સક્રિય બની છે.

# આંકલાવમાં પુત્રની નજર સામે જ પિતાનું કરુણ મોત

**પુરપાટ ઝડપે આવતી** કારે એક્ટિવાને હડફેટે લેતા નિવૃત શિક્ષકે જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.8

આંકલાવના કોસીન્દ્રા રોડ પર આવેલી જીઈબી ઓફિસ પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં બેફામ ગતિએ આવતી ફોર વ્હીલની ટક્કરે એક નિવૃત શિક્ષકનું મોત નીપજ્યું છે. પોતાના પુત્ર સાથે લાઈટ બિલમાં નામ બદલાવવાની અરજી કરવા જઈ રહેલા પિતાને કાળનો પંજો ભરખી જતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આંકલાવના ગંભીરામાં રહેતા 60 વર્ષીય નિવૃત શિક્ષક પુજાભાઈ કાળાભાઈ પઢિયાર તેમના પુત્ર અજયકુમાર સાથે એક્ટિવા પર સવાર થઈને જી.ઈ.બી. ઓફિસ ખાતે લાઈટ બિલમાં નામ સુધારણાની અરજી આપવા જઈ રહ્યા હતા. જ્યારે તેઓ ઓફિસના ગેટ પાસે પહોંચ્યા, ત્યારે પાછળથી આવતી એક પુરપાટ ઝડપની કારના) ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે પિતા-પુત્ર બંને ગાડી નીચે દબાઈ ગયા હતા. આ ઘટનામાં પુજાભાઈને ગંભીર ઈજા પહોંચી હતી. તેમને તાત્કાલિક 108 મારફતે પ્રથમ આંકલાવની સાંઈ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે આણંદની આઈરીશ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મૃતકના પુત્ર અજયકુમાર પઢિયારે અકસ્માત સર્જનાર કાર ચાલક વિરુદ્ધ આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### નડિયાદ મનપાનો જંગ | ભાજપની સામે કોંગ્રેસની ગુપ્ત રણનીતિ

# કોંગ્રેસે દિગ્ગજોના નામ જાહેર કરી બાકીની બેઠકો પર સસ્પેન્સ સર્જ્યું

**કોંગ્રેસે તોડજોડની** રાજનીતિથી બચવા મર્યાદિત ચહેરાઓ મેદાનમાં ઉતાર્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.8

નડિયાદ મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ સત્તા કબજે કરવા માટે પોતપોતાની વ્યુહરચનામાં મોટા ફેરફાર કર્યા છે. એક તરફ ભાજપમાં આંતરિક વિખવાદ અને બળવાની દહેશત છે, તો બીજી તરફ કોંગ્રેસે ભાજપની તોડજોડની રાજનીતિ સામે કિલ્લેબંધી કરવા 'વેઈટ એન્ડ વોચ'ની નીતિ સાથે ગુપ્ત રણનીતિ અપનાવી છે.

નડિયાદ મનપામાં કોંગ્રેસ સેફ ગેમ સાથે આગળ વધી રહ્યું છે. કોંગ્રેસે સાવચેતીપૂર્વક કદમ ઉઠાવતા માત્ર મર્યાદિત અને દિગ્ગજ ચહેરાઓના નામ જાહેર કર્યા છે. જેમાં વોર્ડ 12માંથી હાર્દિક ભટ્ટ, વોર્ડ 13માંથી જીતેન્દ્ર પટેલ, વોર્ડ 7માંથી ગોકુલ શાહ, વોર્ડ 10માંથી જીતુ રાજ, વોર્ડ 11માંથી એસ. કે. બારોટ અને વોર્ડ 5માંથી સલુકાકાના નામ સામેલ છે. ભાજપ દ્વારા વિરોધ પક્ષના ઉમેદવારોને તોડવા માટેના સંભવિત પ્રયાસો કે દબાણને ટાળવા માટે કોંગ્રેસે અન્ય બેઠકોના ઉમેદવારોને છેલ્લી ઘડીએ જ મેદાનમાં ઉતારવાનું નક્કી કર્યું છે.

બીજી બાજુ, ભાજપની છાવણીમાં ઉમેદવારોની લાંબી યાદી અને આંતરિક જૂથબંધી માથાનો દુખાવો બની છે. દરેક વોર્ડમાં અનેક દાવેદારો હોવાથી જો કોઈ દિગ્ગજની ટિકિટ કપાશે, તો તેઓ અપક્ષ ઉમેદવારી નોંધાવીને ભાજપના સત્તાવાર ઉમેદવારનું ગણિત બગાડી શકે છે. આ સ્થિતિને ટાળવા માટે ભાજપ મોવડી મંડળ અંતિમ સમયે જ ઉમેદવારોના નામ જાહેર કરી સીધા ફોર્મ ભરાવવાની તૈયારીમાં છે.

રાજકીય વિશ્લેષકોના મતે, કોંગ્રેસ આ વખતે ભાજપને વોક-ઓવર આપવા માંગતી નથી અને મજબૂત ફાઈટ આપવા માટે તૈયાર છે. બંને પક્ષો દ્વારા જે રીતે સોગઠા ગોઠવવામાં આવી રહ્યા છે, તે જોતા મોટા ઉલટફેર થવાની શક્યતા રહેલી છે.

# આણંદની ગોપાલપુરા પ્રાથમિક શાળાને 'અર્થવાઈઝ એવોર્ડ' એનાયત

**પર્યાવરણ સુરક્ષા અને** ટકાઉ વિકાસ માટેના નવતર પ્રયોગો બદલ દેશની ટોચની 20 શાળાઓમાં સ્થાન મેળવ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદ તાલુકાની પીએમશ્રી ગોપાલપુરા પ્રાથમિક શાળાએ રાષ્ટ્રીય ફલક પર ઝળહળતી સફળતા મેળવી છે. પર્યાવરણ સુરક્ષા અને ટકાઉ વિકાસ માટેના નવતર પ્રયોગો બદલ આ શાળાને પ્રતિષ્ઠિત 'અર્થવાઈઝ એવોર્ડ 2026' એનાયત કરવામાં આવ્યો છે. સમગ્ર દેશમાંથી પસંદ થયેલી માત્ર 20 શાળામાં સ્થાન મેળવી ગોપાલપુરા શાળાએ અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ એવોર્ડ પાછળ શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોનો સંયુક્ત પુરુષાર્થ રહેલો છે. ખાસ કરીને શાળા દ્વારા ચલાવવામાં આવેલું 'પ્લાસ્ટિક મુક્ત ગોપાલપુરા' અભિયાન આ સફળતાનું મુખ્ય પાસું રહ્યું છે. આચાર્યા શૈલીનબહેન ડાભીના માર્ગદર્શન હેઠળ ઈકો ક્લબના કન્વીનર શીતલબેન પટેલ અને વિજ્ઞાન શિક્ષિકા ભૂમિબેન ગોહેલ સહિતના સ્ટાફે વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારી અને નવીનતા વિકસાવવાના અનોખા પ્રયત્નો કર્યા છે.

આ એવોર્ડ અંતર્ગત શાળાને 85 હજારની કિંમતનું 'હોપ થ્રુ સાયન્સ' રિસોર્સ બોક્સ પ્રાપ્ત થશે. જેમાં ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણના અધ્યતન મોડલ્સ, સાધનો અને પુસ્તકોનો સમાવેશ થાય છે, જે વિદ્યાર્થીઓના પ્રાયોગિક શિક્ષણમાં મોટો ફાળો આપશે. આ ઉપરાંત, શિક્ષકોને આધુનિક તાલીમ પણ નિઃશુલ્ક આપવામાં આવશે.

**અન્ય શાળાઓ માટે પ્રેરણા**

ગોપાલપુરા શાળાની આ સિદ્ધિ દર્શાવે છે કે જો પ્રાથમિક સ્તરેથી જ વિદ્યાર્થીઓને પર્યાવરણ અને વિજ્ઞાન સાથે જોડવામાં આવે, તો ગ્રામીણ સ્તરની શાળા પણ રાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડી શકે છે. જેન ગુડાલ ઇન્સ્ટિટ્યૂટ ઇન્ડિયા અને વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સહયોગથી મળેલો આ એવોર્ડ પર્યાવરણ શિક્ષણને પ્રાથમિક્તા આપતી શાળાઓ માટે નવી દિશા ખોલે છે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225